- **માતા-પિતા :** કેન્દ્રમાં આવતા માતા-પિતાના અભિપ્રાય દ્વારા બાળકોના વર્તનમાં થયેલા ફેરફાર.
- **શિક્ષકો/સંચાલકો :** સંસ્કાર કેન્દ્રનાં શિક્ષકો અને માર્ગદર્શકોનો અભિપ્રાય : તાલીમની પધ્ધતિ, પ્રવૃતિ અને અસરો.

**✱ સંશોધન માટે કઇ પદ્ધતિઓનો ઉપયોગ કર્યો ?**

- **અવલોકન :** બાળકોના દૈનિક વર્તન, શિસ્ત,રમતો અને પ્રવૃતિઓનું સીધુ અવલોકન તાલીમ પહેલાંના અને પછીનાં વર્તનો.
- **પ્રશ્નાવલિ પધ્ધતિ :** માતા-પિતા તેમજ શિક્ષકો/માર્ગદર્શકો સાથે પ્રશ્નો
- **સાક્ષાત્કાર પધ્ધતિ :** શિક્ષકો, માતા-પિતાનો વ્યકિતગત ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા.

**✱ સંશોધન પ્રક્રિયા કેવી રીતે કરી ? પ્રક્રિયાનું વર્ણન :** સૌ પ્રથમબાળ સંસ્કાર કેન્દ્રની મુલાકાત લેવાનું વિચાર્યુ. ત્યાનાં મુખ્યબેન/માર્ગદર્શિકા સાથે મુલાકાત દ્વારા વાતચીત કરી. અને મુલાકાત દરમ્યાન સંસ્કાર કેન્દ્રની મુલાકાતની પરવાનગી લીધી.

**✱ માહિતીનું એકત્રીકરણ :**

- તાલીમ પહેલા બાળકોમાં થોડી અનિયમિતતા, શિસ્તાનો અભાવ, સંકોચ જોવા મળ્યા. જયારે તાલીમ લીધા બાદ બાળક નીડર, નિયમિત અને આત્મવિશ્વાસી બન્યા.
- બાળકો અભ્યાસ પ્રત્યે વધુ સક્રિય બન્યા. વડીલોને માન આપતા શીખ્યાં. તેમજ સ્વચ્છતા અને પોતાનું કામ જાતે કરતા શીખ્યા.

**✱ પરિણામો :**

- બાળ સંસ્કાર કેન્દ્રમાં આવતા બાળકોમાં નિયમિતતા, સમયપાલન અને શિસ્ત વધુ જોવા મળી.
- બાળકોમાં અભ્યાસ માટે વધુ એકાગ્રતા અને નવુ જાણવા માટે ઉત્સાહ, જિજ્ઞાસા જોવા મળી.
- બાળકમાં શ્લોક ગાન, વાર્તા, પ્રાર્થના જેવા ગુણ જોવા મળ્યા.

**✱ તારણો :**

- બાળકોમાં સચ્ચાઇ, સહકાર, દયાભાવ જેવાં સંસ્કાર અને જવાબદારીનો વિકાસ થયો.
- માતા-પિતાએ સ્વીકાર્યુ કે સંસ્કાર કેન્દ્રના કારણે સંતાનોના વર્તનમાં ફેરફાર આવ્યો છે.
- બાળકો અપરાધવૃત્તિથી દૂર જોવા મળ્યા છે.
- ઘણાં બાળકોનું ગુસ્સા ઉપર નિયંત્રણ જોવા મળ્યો.
- સંસ્કાર કેન્દ્ર બાળકોના જીવનમાં સર્વાંગી વિકાસ લાવવાનો અસરકારક માર્ગ છે.

**સારા સંસ્કાર બાળ કના જીવવાની ચાવી છે.**

**✱ અવલોકન :**

- તાલીમ પહેલા કેટલાક બાળકો ગુસ્સાવાળા, અનિયમિત અને અવ્યવસ્થિત હતા જયારે તાલીમ પછી તેજ બાળકો નિયમિત અને શાંત તેમજ પોતાનું કાર્ય જાતે વ્યવસ્થિત કરતા જોવા મળ્યા.
- સમુહભાવના, સન્માન, આધ્યાત્મિકતાનો વિકાસ થતો જોવા મળ્યા.
- માતા-પિતા દ્વારા જાણવા મળ્યું કે ઘરમાં પણ વધુ આજ્ઞાકારી અને જવાબદાર બન્યા છે.

---



## વિષય : બાળકાનો શાળાનો પહેલો દિવસ અને પૂર્વ કાળનું મનોમંથન

**પરમાર અલકાબહેન બી.**
(પૂ.પ્રા.વિ.-ગુ.મા.)

**પ્રસ્તાવના :** બાળક માટે સ્કુલનો પહેલો દિવસ એક નવી દુનિયામાં પ્રવેશ કરવાનો દિવસ છે. તે દિવસથી લઇ બાળક અજાણ્યા વાતાવરણમાં આવે છે જયાં નવા મિત્રો શિક્ષકો અને નિયમોનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિમાં બાળકનો ભય ગભરાટ કે જિજ્ઞાસા સ્વાભાવિક છે.

ક્રિયાત્મક સંશોધનનો હેતુ એ સમજાવો હતો કે કેવી રીતે બાળકના પહેલા દિવસને આનંદમય બનાવી શકાય સંશોધન માટે કેટલાક બાળકોનું અવલોકન કરવામાં આવે છે.

**પરિણામ :**

પ્રવૃત્તિ કરાવવાથી બાળકોમાંહકારાત્મક ફેરફારથાય છે. બાળકજલ્દી શીખી જાય છે. ઘણી બધી નવી અલગઅલગ એકટીવીટીનો ઉપયોગ કરીને બાળકોમાં બીજા નવા ફેરફાર લાવી શકાય છે.